**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૯ ટકા

# ઠંડા..ઠંડા કુલ.. કુલ મોસમમાં બોર્ન ફાયર સાથે 'ચા'ની ચુસ્કીનો ટ્રેન્ડ

## કાતિલ ઠંડીમાં શહેરીજનો મનપસંદ સ્પોટ પર ચાની ચુસ્કી માણવાનું ચુકતા નથી



ગાંધીનગર, તા.૧૭

લહેઝા ઝરા ઠંડા રખે જનાબ,
ગરમ તો હમે સિર્ફ 'ચાય' પસંદ હે!!

સૌની માનીતી ચા સાથે આવી ઘણી વાતો જોડાયેલી છે. ચાને લઈને ઘણી શાયરીને ઘણા વિચારો રજૂ કરાયા છે. ચા એ સૌનું માનીતું પીણું શહેરમાં છે તેમ કહી શકાય અને ચાય પે ચર્ચા તો દરેક શહેરમાં કરતા જોવા મળે જ છે. કયાંક પાનના ગલ્લે મેચ જોતા જોતા ચાની ચુસ્કી લગાવી સ્કોર ડીસ્કસ કરતા કયાંક કેફેમાં મિત્રો સાથે ચા લઈ મજાક મસ્તી કરતા તો હાલ આ ઠંડીની મોસમમાં ગરમાવાનો અનુભવ કરવા શહેરીજનો ચાની ચુસ્કી લેતા નજરે ચઢી રહ્યા છે. આમ તો શહેરમાં સામાન્ય દિવસોમાં ચાના લારી ગલ્લા કે ચાની દુકાનોમાં યુવાનોથી લઈ મોટાઓ જોવા મળતા જ હોય છે પરંતુ ખાસ શિયાળાની ઋતુમાં અને ખાસ જયારે ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રીએ પણ પહોંચે છે ત્યારે શહેરીજનોમાં આ ૭ ડિગ્રીથી ૧૫ ડિગ્રીના તાપમાનને અનુભવી ગરમાવો મેળવવા ચા પીવાનું પ્રમાણ વધી ગયું છે.

શહેરના ટી સ્પોટ પર રેગ્યુલર દિવસો કરતા હાલની ઠંડીની સિઝનમાં વહેલી સવારે અને મોડી સાંજ બાદ ચા રસિયાઓનું ચા પીવાનું પ્રમાણ વધતું જણાઈ રહ્યું છે. તો કેટલીક જગ્યાએ તો 'બોર્ન ફાયર' કરતા કરતા પણ ચાની ચુસ્કી લેવાઈ રહી છે.

ગાંધીનગરમાં ઠંડીનો માહોલ બની ગયો છે ત્યારે ચાની ચુસ્કી લેવા શહેરીજનો પોતાના મન પસંદ સ્પોટ પર જઈ રહ્યા છે. શહેરમાં ચા કયાં સારી મળે અને આ ચા ભાવશે કે નહી તેવી ચર્ચા બાદ શહેરીજનો પોતાના ટેસ્ટ મુજબ ચા પીવાના સ્પોટને પસંદ કરવામાં માની રહ્યા છે, આમ, તો શહેરમાં ઘણી જગ્યાએ ચાનું વેચાણ થાય છે પરંતુ શહેરીજનોની પસંદગી અમુક સ્પોટ પર વધુ છે. જેમ કે શહેરમાં અપના અડ્ડા કુડાસણ, ચાઈ-જી સરગાસણ, ટાઉનહોલ સે-૧૭ પાસે, સુમનટાવર નીચે, હોટલ પ્રેસિડન્ટ નીચે, સે-૨૧માં વૃંદાવનની સામે, અખબાર ભવન, ઈન્ફોસિટીના ગેટ પાસે એમ વિવિધ સ્પોટ પરની ચા પ્રખ્યાત છે. જયાં ચા પીવા માટે શહેરીજનો સ્પેશિયલ જાય છે. દરેક જગ્યા મુજબ ભાવ અલગ અલગ લેવાય છે. અપના અડ્ડામાં ચા કુલડીમાં અપાય છે જે શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સાથે ત્યાં ઠંડીથી બચવા રાત્રે બોર્ન ફાયર કરાય છે. જેથી ચા રસિયાઓ વધુ સમય ત્યાં પસાર કરી શકે. દરેક જગ્યાની અલગ સ્પેશિયાલીટી છે. અદરક ચા પીવી હોય તો અખબાર ભવન કે ચાઈ-જી પર વધુ પસંદગી ઉતારાય છે. મસાલા ચા પીવા માટે અપના અડ્ડા અને રગડાવાળી ચા સે-૧૧ સુમનટાવર નીચે અને પ્રેસિડન્ટ હોટલની નીચે ભરવાડની વખણાય છે. અને ચા સાથે ટેસ્ટી કોફી સે-૨૧માં વૃંદાવનની સામે ઉભા રહેતા અબોલભાઈની વખણાય છે. શહેરમાં દરેક પોત પોતાની પસંદગી મુજબ પોતાના ટેસ્ટ મુજબ ચાની ચુસ્કી માણી રહ્યા છે.

એક ટી સ્પોટના માલિકના જણાવ્યા અનુસાર અમારે ચાની સિઝન જ શિયાળામાં હોય છે. અમારે ત્યાં સવારે ૯ વાગ્યા સુધી અને સાંજે ૪ વાગ્યા બાદ મોડી રાત સુધી યુવાનો, મોટેરાઓ તથા ફેમીલી પણ ચા પીવા માટે આવી રહ્યા છે. શિયાળામાં ચા પીવા આવનારનું પ્રમાણ વધ્યું છે. રેગ્યુલર દિવસો કરતા આ સિઝનમાં ચા પીવા આવનારની સંખ્યામાં ૨૦ થી ૩૦ ટકા જેટલો વધારો થયો છે.



**કપ ઓફ ટી કર્ટસીનો ટ્રેન્ડ પણ લાજવાબ : ઠંડીમાં ચાની ચુસ્કીનું પ્રમાણ લગભગ ૩૦ ટકા વધ્યું**

# સલામત સવારીમાં બેસવા જતા મહિલા મુસાફરના ૨.૩૮ લાખના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૧૭

રાજયના પાટનગરમાંથી સમગ્ર રાજયમાં આદેશો અને ઉપદેશો આપવામાં આવે છે. તેવા પાટનગરમાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. સબ સલામતના દાવા વચ્ચે શહેરના એસટી ડેપોમાંથી મહિલાના પર્સમાંથી રૂ.૨.૩૮ લાખના દાગીનાની આંખના પલકારામાં ચોરી થઈ છે. પોલીસ સ્ટેશનથી ગણતરીના અંતરે આવેલા ડેપોમાં મુસાફરો ચોર ટોળકીનો ભોગ બની રહ્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૪ પ્લોટ નં.૧૮૨-૧ ખાતે રહેતા રાજેશ્વરીબા દિવ્યરાજસિંહ વાઢેર સવારના સુમારે મોરબી લગ્ન પ્રસંગે જવા માટે એસટી ડેપો ખાતે આવ્યા હતા. તેઓ ડેપોમાંથી વડનગર-જામનગર બસમાં બેઠા હતા, આ સમયે તેમની સાથે તેમના બહેન અને દિકરો પણ હતો. બસમાં બેઠા પછી તેમના બહેને ફરીયાદીનું પર્સના ચેઈન ખુલ્લી હોવાનું જણાવતા તેઓએ પર્સ ચેક કરતા દાગીના ભરેલુ પર્સ ગાયબ હતું. રાજેશ્વરીબા પાસે રૂ.૨.૩૮ લાખના દાગીનામાં સોનાની ચાર બંગડી, મંગળસુત્ર, સોનાની વીંટીઓ સહિત એક હજાર રોકડા હતા. મહિલાને બસમાં બેસાડતા સમયે પતિના હાથમાં રહેલા બેગમાં એક યુવતિનો દુપટ્ટો ભરાઈ ગયો હતો જેને મહિલાએ દુપટ્ટો કાઢયો હતો. આ સમય દરમિયાન કે બસમાં બેસતા સમયે કોઈ ચોર ટોળકી પોતાની કળા કરી ગઈ હોવાનુ માનવામાં આવી રહ્યું છે. ફરીયાદીએ બસની નીચે ઉભેલા તેમના પતિને ચોરી અંગે જાણ કરતા તેઓએ મળીને બસમાં બેઠેલા તમામ મુસાફરોનો સામાન ચેક કર્યો હતો, પરંતુ કંઈ મળી આવ્યું ન હતું. આ અંગે રાજેશ્વરીબા વાઢેરે સેકટર-૭ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે ડૉ. આંબેડકર હોલ ખાતે 'જાને ચલે જાતે હૈ કહાં' સંગીત નાઈટ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં ગાંધીનગરના જાણીતા વેપારી અગ્રણી વૃંદાવન સ્વીટસ પરિવારના કિર્તીભાઈ સુખડીયા તથા ચેતનભાઈ સુખડીયાનું આકસ્મિક અવસાન થવા પામ્યું હતું. જેના પગલે શહેરમાં શોકની લહેર ફરી વળી હતી. ગાંધીનગરના સ્મિત મ્યુઝિક દ્વારા આ દિવગંત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના હેતુસર તા. ૧૮મી જાન્યુઆરી શનિવારે રાત્રે ૯ કલાકે સેકટર-૧૨ના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે નિઃશુલ્ક ફિલ્મી સંગીત શૉ 'જાને ચલે જાતે હૈ કહાં' નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના યુવા તથા વરિષ્ઠ ગાયક કલાકારો પરફોર્મન્સ આપશે. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય પ્રયોજક એટ્રીયા બીઝનેસ હબ થકી શ્રધ્ધા સુમનાર્થે હસમુખભાઈ પટેલ, જગતભાઈ કારાણી, સંજય થોરાત, પ્રદિપસિંહ બિહોલા, ડૉ. નરેન્દ્ર, નિતીનભાઈ પટેલ, મનોજભાઈ શુકલ, કનુ પટેલ, ગીરીશ શાહ, મયુર પટેલ, યશપાલસિંહ, કૃણાલ પરીખ સહિત અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેવું આયોજક જયોતિ ભરત ગજજરે જણાવ્યું છે. આ સાથે તેમણે કાર્યક્રમમાં શહેરના સંગીત રસિકોને પધારવા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.



ઉત્તરાયણ એટલે આનંદ ઉલ્સાસનું પર્વ... આકાશમાં રંગબેરંગી પતંગ ચઢે... આકાશી યુધ્ધ ખેલાય ને સાથે જ આનંદ ઉલ્સની છોળો ઉડે. જો કે પર્વની ઉજવણી બાદ જયાં ત્યાં પડેલો પતંગના કાગળનો ઢગલો, દોરીના ગુંચળા નગરની સ્વચ્છતા પર બટ્ટો લગાવે છે. નગરની સ્વચ્છતા અને સુંદરતા આપણી જવાબદારી છે. તેને ઝાંખપ ન લાગે તે જોવાની આપણી ફરજ છે. સેકટર-૬માં સંત રોહિદાસ મંદિર જવાના માર્ગે પડેલો પતંગ-દોરીનો આ કચરો આંખોને ખૂંચે છે.

## આજે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વ શાંતિ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબા એ ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ સંપૂર્ણતાને પ્રાપ્ત કરી નશ્વર દેહનો ત્યાગ કરેલ. જેની સ્મૃતિમાં વિદ્યાલયના ૧૪૭ દેશોમાં આવેલ ૮,૫૦૦ સેવા કેન્દ્રોના તમામ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો આ દિવસને વિશ્વ શાંતિ દિવસ તરીકે મનાવશે.

જે અંતર્ગત ગાંધીનગર સેકટર-૨૮, સેકટર-૨/સી, સેકટર- ૫/એ, સેકટર-૩૦, ચિલોડા, ઉર્જાનગર, સરગાસણ, સરઢવ, ખાતે આવેલ સેવાકેન્દ્રોમાં સવારે ૬.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી અખંડ ધ્યાન- યોગાભ્યાસ ભઠ્ઠી રાખવામાં આવેલ છે. જેમાં સૌ પવિત્ર બ્રહ્માકુમાર ભાઈ-બહેનો વિશેષ મૌનમાં રહી સમગ્ર વિશ્વમાં શાંતિના વાયબ્રેશન-પ્રકંપનો ફેલાવી એક પરમપિતા શિવ પરમાત્માની સૌ સંતાન આત્મા-આત્મા ભાઈ-ભાઈની વાસ્તવિક બંધુત્વ ભાવનાનું આહવાન કરશે.

શિવશકિત ભવન, સેકટર-૨૮ સંચાલિકા કૈલાશદીદીજીએ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ દિવસે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન ખાસ શાંતિનો ગહન અનુભવ કરવા સેવાકેન્દ્ર પર પધારવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

## વસંત પંચમીના દિવસે વાવોલ ખોડિયાર ધામનો તૃતીય પાટોત્સવ

### પાટોત્સવમાં નવચંડી યજ્ઞ, અન્નકૂટ ઉપરાંત હેમંત ચૌહાણ દ્વારા ફુલોના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વાવોલ-પુન્દ્રાસણ મુખ્ય માર્ગ પર સ્થિત શ્રી ખોડિયાધામ ખાતે તા. ૩૦મી જાન્યુઆરી ગુરુવારના રોજ વસંતપંચમીના પાવન પર્વે તૃતીય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નવચંડી યજ્ઞ તથા જાણીતા લોક કલાકાર-ભજનિક હેમંત ચૌહાણના ગૃપ દ્વારા માતાજીના ફૂલોના ગરબા પણ યોજાશે.

વાવોલના શ્રી ખોડિયાર ધામના તૃતીય પાટોત્સવ નિમિત્તે તા. ૨૯મી જાન્યુઆરી બુધવાર સવારે ૬ કલાકે કુંભ સ્થાપના અને ૯ કલાકે મૂર્તિપૂજન યોજાશે. તા. ૩૦મી જાન્યુઆરી ગુરુવારે સવારે ૮.૧૫ કલાકે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. જેમાં હરિદ્વારથી પધારેલા આચાર્ય પૂ. જયપ્રકાશ મહારાજ શાસ્ત્રી યજ્ઞ પ્રધાન તરીકે સેવા આપશે. સવારે ૮.૩૦ કલાકે માતાજીના અન્નકૂટ દર્શન યોજાશે જયારે સાંજે ૪.૩૦ કલાકે શ્રી ફળ હોમાશે. સાંજે ૫ થી ૭ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે જયારે સાંજે ૫ થી ૮ દરમિયાન ચોગઠવાળા અરવિંદભાઈ રાવળ ગૃપ દ્વારા ડાક ડમરૂ કાર્યક્રમ યોજાશે. પાટોત્સવ માટે અમદાવાદના જગન્નાથ મંદિરના મહંત મહામંડલેશ્વર પૂ. દીલીપદાસજી મહારાજ, જૂનાગઢના મહામંડલેશ્વર પૂ. વિશ્વંભર ભારતીજી મહારાજ વગેરે સહિત અનેક સંતો-મહંતો-ભુવાજીઓ વગેરેને આમંત્રણ આપવામાં આવ્યા છે. પાટોત્સવનો લાભ લેવા ગાંધીનગરની શ્રધ્ધાળુ ધર્મપ્રેમી જનતાને ખોડિયાર ધામના પીઠાધિશ્વર સોમાભાઈ પ્રજાપતિ પાઘડી શેઠ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)** - ૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યૂઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
**છપાક**
૧.૦૦, ૯.૩૦
**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦
**છપાક**
૧૨.૨૫, ૭.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫
**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)** - ૯.૩૦
**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

## ગાંધી મિત્ર વર્તુળને પુનઃ કાર્યાન્વિત કરવા જિલ્લાના ગાંધી મિત્રોના સ્નેહમિલનનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં ગાંધી કથા બાદ સ્થપાયેલા ગાંધી મિત્ર વર્તુળને પુનઃ કાર્યાન્વિત કરવા જિલ્લાના ગાંધી મિત્રોના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધી મિત્રોનો સ્નેહમિલન સમારોહ આગામી તા. ૨૫મી જાન્યુઆરી શનિવારના રોજ સાંજે ૪ કલાકે માણસા તાલુકાની સંસ્થા ગ્રામભારતી અમરાપુર ખાતે યોજાશે.

ગાંધીજન નારાયણભાઈ દેસાઈ જયાં ગાંધીકથા કરે ત્યાં 'ગાંધી મિત્ર વર્તુળ'ની સ્થાપના થાય તેવો તેમણે વિચાર વ્યકત કર્યો હતો જેના અનુસંધાને ગાંધીનગરમાં ગાંધીકથા બાદ ગાંધી મિત્ર વર્તુળની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા દશ વર્ષથી કાર્યરત ગાંધી મિત્ર વર્તુળ દ્વારા ગાંધી સંદેશને જન જન સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવા સાથે 'ગાંધી વિચાર' માસિકનું સંપાદન પણ કરવામાં આવ્યું હતું. જો કે છેલ્લા બે માસથી ગાંધી મિત્ર વર્તુળના મુખ્ય સંયોજકોની શારીરિક નાદુરસ્તીને કારણે ગાંધી મિત્રોની સક્રીયતા સ્થગિત થવા પામી હતી. ગાંધી અને તેમના વિચારો-કાર્યો શાશ્વત છે, જે અટકતા નથી તે તે વિચાર સાથે ગાંધી મિત્ર વર્તુળને પુનઃ કાર્યાન્વિત કરવા તાજેતરમાં ગ્રામ ભારતી સંસ્થા ખાતે અમૃતભાઈ ત્રિવેદી, ભાનુપ્રસાદ પુરાણી, રમણભાઈ શ્રીમાળી, સુમંતભાઈ શાહ, શંકરભાઈ ચૌધરી, અમૃતભાઈ પટેલ વગેરેની બેઠક યોજાઈ હતી. જેમાં તેમના સૂચનો-વિચારો-અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. આ સંદર્ભે હવે જિલ્લાના ગાંધી મિત્રોના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર શહેર પેન્શનર સમાજની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર પેન્શનર સમાજની સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તા. ૨ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૩૦ કલાકે સે-૬ સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાશે. સંસ્થાના મહામંત્રી દ્વારા સંસ્થાના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, કારોબારીના સર્વે સભ્યોને અચુક હાજરી આપવા જણાવાયું છે.

## મકરસંક્રાંતિએ લાગણીના 'સ્પર્શ' દ્વારા પતંગ-દોરી આપીને આનંદ મેળવ્યો

ગાંધીનગરની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કંપની કલ્પતરૂ પાવર ટ્રા. દ્વારા વાર-તહેવારે 'સ્પર્શ' ટીમ દ્વારા અનોખી સેવાકીય પ્રવૃત્તીઓ ચલાવાતી હોય છે.

મકરસંક્રાંતિના પર્વે 'સ્પર્શ' ટીમ દ્વારા શ્રમજીવી વસાહતના બાળકોને તહેવારનો આનંદ મળે એ માટે સોથી વધુ બાળકોને પાંચ પાંચ પતંગ અને તલસાંકળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૧૩ મહાત્મા મંદિર પાછળ આવેલી વસાહતમાં બાળકોને પતંગ-દોરી મળતા ખુશ ખુશાલ થયા હતાં.



કલ્પતરૂ 'સ્પર્શ' ટીમમાં સાત્વિક ત્રિવેદી, નિકુંજ શુકલ, સંજય થોરાત, ભૂમિકા શર્મા, વિશાલ શાહ, પિંકી પટેલ, ઉત્કર્ષ ત્રિવેદી અને મેહુલ પટેલ વગેરે જોડાયા હતા. કલ્પતરૂ કંપની પોતાના કાર્યોની સાથે સમાજસેવામાં પણ અગ્રેસર છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૩૧મી કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા.૧૭

ઉત્તરાયણ અગાઉ શહેરના સેકટર-૨૦ ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૩૧મી કાર્યશાળા યોજાઈ હતી. જેમાં પોશીનાની સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તથા યુવા સાહિત્યકાર પ્રો. સંજયકુમાર પટેલે ૫૧ ગુજરાતી કાવ્યોનો આસ્વાદ ભાષાસાધકોને કરાવ્યો હતો. આ પ્રસંગે શહેરના ભાષા સાધકો તથા માતૃભાષા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કપાયેલી પાંખ સાથે રાત્રે ઝાડ પર લટકી રહેલાં કબૂતરને બે યુવાનોએ નવજીવન બક્ષ્યું...!!

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ઉત્તરાયણનું પર્વ તો વિદાય લઈ ચુકયું છે પરંતુ આ ઉત્સવમાં શહેરીજનોએ ચગાવેલી પતંગોની દોરીઓ હજુ પણ શહેરના તમામ વિસ્તારોમાં થાંભલા, મકાનો તેમજ વૃક્ષો પર લટકી રહી છે જે અબોલ પંખીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આ પ્રકારની જ એક ઘટનામાં ઝાડ પર લટકતી દોરીમાં ફસાઈને ગંભીર રીતે ઘાયલ થયલા એક કબૂતરને શહેરના બે જીવદયા પ્રેમી યુવાનોએ મોડી રાત્રીએ બચાવી સારવાર અપાવી નવજીવન બક્ષ્યું હતું.





શહેરના સેકટર-૪માં રહેતા અને વાયરમેનનો વ્યવસાય કરતા બે યુવાનો કિરણ અને યોગેશ જયારે પોતાનું કામ પતાવી રાત્રીના સમયે કુડાસણથી 'ગ' રોડ પર થઈને પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં ઝાડ પર એક કબૂતરને તરફડીયા મારતું જોયું હતું. આથી બંને યુવાનોએ મળીને ઝાડ પર લટકતી ચાઈનીઝ દોરીમાં ફસાયેલા આ કબૂતરને સાચવીને નીચે ઉતાર્યુ હતું. જે લોહીલુહાણ હાલતમાં હતું. મોડી રાત્રી થઈ હોવાથી આ બંને યુવાનો પૈકી એક મિત્ર કબૂતરને સાચવીને પોતાના ઘરે લઈ ગયો હતો અને પ્રાથમિક સારવાર આપી હતી. આ પછી તેમણે આજે કરૂણા હેલ્પલાઈન પર ફોન કરી મદદ માંગતા કરૂણા એમ્બ્યુલન્સ સેવા દ્વારા આવીને કબૂતરને ચકાસતા તેની પાંખ કપાઈ ગઈ હોવાનું માલુમ પડયું હતું. કરૂણા એમ્બ્યુલન્સના ફરજ પરના તબીબો કબૂતરને સઘન સારવાર આપતા તેની પાંખનું ઓપરેશન કરી ટાંકા લીધા હતા ત્યારબાદ કબૂતરને જોખમમાંથી બહાર હોવાનું જણાવ્યું હતું. જો કે કબૂતરને હજુ થોડા દિવસ દેખરેખ તથા સારવારની જરૂરિયાત સાથે તેની સંભાળ રાખવી જરૂરી હોઈ બંને મિત્રો કબૂતરને શહેરના મુકિતધામ ખાતે બનાવાયેલા પક્ષીઘરમાં મુકી આવ્યા હતા. જયાં મુકિતધામના કર્મચારીઓ દ્વારા કબૂતરની સંભાળની જવાબદારી સ્વીકારવામાં આવી હતી.

## ચિરવિદાય

- ● સ્વ. પરમાર પ્રવિણચંદ્ર જગાભાઈ, ઉ.વ. ૪૧
- ● સ્વ. પટેલ રણછોડભાઈ નારણદાસ, ઉ.વ. ૬૨
- ● સ્વ. સુથાર ઉર્મિલાબેન બાલકૃષ્ણ, ઉ.વ. ૭૩
- ● સ્વ. શાહ કિરીટભાઈ લાલભાઈ, ઉ.વ. ૭૧
- ● સ્વ. માંકાણી કિશોરભાઈ લાલજીભાઈ, ઉ.વ. ૪૪
- ● સ્વ. પારેખ જસવંતીબેન ગજેન્દ્રરાય, ઉ.વ. ૮૫